2012 International Year of Cooperatives

# GUJARAT URBAN CO-OPERATIVE BANKS FEDERATION

Co-operative Banks Bhavan, Near Jaihind Press, Ashram Road, Mithakhali Under Bridge, Ahmedabad-380009.
Phone : 079-26589159, 26589179, Fax : 079-26584901 E-mail : gujfed@gmail.com, Web : www.gujfed.com

PROUDLY CO-OPERATIVE

પરિપત્ર ક્રમાંક:૧૭/૨૦૧૫
ક્રમાંક: જીયુસીબીએફ/૪૧/૨૮૦૨ તા.૧૯/૧૦/૨૦૧૫.

પ્રતિ,
ચેરમેનશ્રી/મેનેજીંગ ડિરેકટરશ્રી/ચીફ એકઝીકયુટીવ ઓફીસરશ્રી,
તમામ સભાસદ નાગરિક સહકારી બેન્કો

વિષય:-Umbrella Organisation (CBRDE) ના વિકાસ માટે ફંડની અપીલ કરવા બાબત.

રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ નવી બેન્કોને લાયસન્સ આપવા બાબતે માલેગાંવ કમીટીની રચના કરી હતી. માલેગામ કમીટીએ વર્ષ ૨૦૧૨માં નાગરિક બેંકો માટે અંબ્રેલા ઓર્ગેનીઝેશન ઉભુ કરવા ભલામણો કરેલી અને તે સંદર્ભે RBI એ દેશના જુદા જુદા ફેડરેશનો સાથે પ્રાથમિક ચર્ચા આરંભી હતી. રીઝર્વ બેંકે તા.૦૮/૦૪/૨૦૧૩ના પત્ર ક્રમાક UBD.CO.NBL(EC)-8623/08.00.000/2012-13 થી નિર્ણય કરેલ છે કે રાજય કક્ષાએ સ્ટેટ લેવલ અંબ્રેલા ઓગેનાઈઝેશન જે તે રાજયના ફેડરેશને ઉભુ કરવાનું રહેશે. રીઝર્વ બેન્કના આ સરકયુલરને ધ્યાનમાં રાખી ગુજરાત ફેડરેશન દ્વારા ભારતમાં પ્રથમ એવું અંબ્રેલા ઓર્ગેનાઈઝેશન **“ સેન્ટર ફોર બેંકીગ, રીસર્ચ ડેવલપમેન્ટ એન્ડ એકસેલન્સ”** (CBRDE) ની રચના.તા.૭ જૂન ૨૦૧૪ના રોજ ગુજરાતના મા.મુખ્ય મંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ્ હસ્તે સ્થાપના કરવામાં આવી છે.

હાલમાં, CBRDE દ્વારા સહકારી બેન્કોના માનવ સંસાધન(Human Resources) ના વિકાસ માટેના તાલિમ વર્ગો તેમજ ટેકનોલોજી અપગ્રેડેશન માટેના સેમિનારોનું આયોજન કરવામાં આવે છે.

આ CBRDE દ્વારા વધુ પ્રભાવશાળી તાલિમ અને અર્બન બેન્કોને લગતા જુદા જુદા વિષયો પર માર્ગદર્શન, રીસર્ચ અને કન્સલ્ટન્સી તેમજ જરૂર જણાય ત્યાં Liquidity Support આપવા જેવી પ્રવૃત્તિને વેગ આપવા માટે CBRDEને મોટા ફંડની જરૂર છે.

આપને સુવિદિત છે કે GCS ACT માં એપ્રિલ ૨૦૧૫માં ફેરફાર કરી કલમ ૧૧૫G હેઠળ અર્બન બેન્કો માટે ઉભુ કરવામાં આવેલ Urban Equalisetion Fund (શાખ સામકારી ફંડ) તથા તેની ઉપરનું વ્યાજ જે GSC બેન્કમાં જમા છે તે બેન્કોને આગામી નવેમ્બરમાં પરત આપવામાં આવનાર છે. આ વ્યાજની રકમમાંથી ૫૦% રકમ અંબ્રેલા ઓર્ગેનાઈઝેશન(CBRDE) માટે સ્વેચ્છાએ ફાળો આપવામાં આવે તેવી આગ્રહ ભરી અપીલ કરવામાં આવે. છે. અને આ સાથે વિસ્તૃત માહિતી સભર પેમ્ફલેટની એક નકલ મોકલી આપવામાં આવેલ છે જેનો અભ્યાસ કરવા વિનંતી છે. તેમજ વધુમાં આ સાથે ઓથોરીટી લેટરની નકલ પણ મોકલી આપવામાં આવેલ છે જેમાં GSC બેન્કમાં જે અધિકારીઓની ઓથોરાઈઝ સહીઓ હોય તેમની સહી કરીને GSC બેન્કને વહેલામાં વહેલી તકે તા.૨૫-૧૦-૨૦૧૫ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.(નકલ સામેલ છે.)

આભાર સહ,

આપનો વિશ્વાસુ

(આર. એન. જોષી)
IAS(નિવૃત્ત)
ચીફ એકઝીકયુટીવ ઓફીસર

બિડાણ:- પેમ્ફલેટ અને ઓથોરીટી લેટર D:\૨૦૦૪-૦૫\Word\Gujarati\Center BRDE.doc-૩૮

COOPERATIVE ENTERPRISES BUILD A BETTER WORLD

બેંકનું નામ :.....................................

.....................................

.....................................

તારીખ : .......................

પ્રતિ,
ચીફ એકઝીકયુટીવ ઓફિસરશ્રી,
ગુજરાત સ્ટેટ કો–ઓપરેટીવ બેંક લિ.
અમદાવાદ

મહાશય,

બાબત : **અધિકાર પત્ર–અર્બન બેંકો માટે અંબ્રેલા બનાવવા માટે જોગવાઈ**

અમારી બેંકના શાખ સામકારી ફંડની રકમ ઉપર મળેલ વ્યાજમાંથી અર્બન બેંકોના અંબ્રેલા બનાવવા માટે તથા અર્બન બેંકોના વિકાસ માટે અમારા પરત આવતા ફંડ ઉપરના વ્યાજની રકમ પૈકી એક વખત માટે કાયમી લવાજમ/સહયોગ રાશિ (Subscription/ Contribution) પેટે રૂા............................ અંકે રૂપિયા ........................................................... આપની બેંકમાં ગુજરાત અર્બન કો–ઓપરેટીવ બેંકસ ફેડરેશનના કરંટ ખાતા નં. ૬૦૮૦૦૧૦૧૦૭૬૫ માં જમા કરાવી આપશો.

Authorised Signatory

Authorised Signatory